## ઈસુના આગમન પહેલા લોકો દેવનું ભજન કરતા

**પ્રાર્થના :** આ પાઠ દ્વારા બાળકોને સાચા પ્રમાણિક હ્રદયથી તમારૂં ભજન કરતા શીખવા માટે સહાય કરો.

કોઈ મોટો છોકરો કે સભાજન **૨ કાળ ૫ મો અધ્યાય** વાંચે અથવા કહે કે પ્રાચીન ઈસ્ત્રાએલીઓ તેમના નવા મંદિરમાં કેવી રીતે ભજન કરતા હતા.

પછી આ પ્રશ્નો પૂછો :

- યરૂશાલેમના પવિત્ર પર્વમાં સુલેમાને કોને આમંત્રણ આપ્યું ?(જવાબ ક.૩)
- તેઓએ શેના બલિદાનો ચઢાવ્યા ? (ક.૬)
- કરૂબીમની પાંખો નીચે પરમપવિત્રસ્થાનમાં શું હતું (ક.૭)
- કરારકોષની અંદર શું હતું ? (ક.૧૦)



- યાજકો અને લેવીઓ એ પ્રભુની સ્તુતિ કઈ રીતે કરી (ક.૧૨-૧૩)
- યાજકોએ પ્રભુની સ્તુતિ કરી ત્યારે મંદિર શેનાથી ભરાઈ ગયું (ક.૧૩)

પ્રભુ ઈસુ જગતમાં આવ્યા ત્યારે તેમણે પોતાનો પવિત્રઆત્મા આપણામાં રહેવાને માટે મોકલી આપ્યો તેથી દેવની હાજરી કોઈ એક મકાનમાં રહેતી નથી. પરંતુ તેના લોકોના હ્રદયમાં રહે છે. પશુઓના બલિદાનો પ્રભુ ઈસુનું પ્રતિક છે. આપણે આજે પશુઓના બલિદાનો ચઢાવતા નથી. કારણકે ખ્રિસ્ત દેવનું હલવાન છે અને તેણે આપણા સર્વ પાપ લઈ લીધા છે.



### પ્રવૃત્તિઓ

પ્રાચીન યહુદીઓ જે પધ્ધતિઓથી દેવનું ભજન કરતા હતા. તે બાળકો બતાવે. આજે આપણે જે રીતે દેવનું ભજન કરીએ છીએ તેની સાથે સરખાવો. ઉદાહરણો.

- ઈસ્ત્રાએલીઓ પાસે ભૌતિક મંદિર હતુ. પથ્થર અને લાકડાનું બનેલું હતું પરંતુ આજે આપણે ગમે ત્યાં ભજન કરી શકીએ છીએ.
- ઈસ્ત્રાએલીઓનો કરારકોશ દેવની હાજરીનું પ્રતિક હતો પણ આજે દેવ આપણાંમાં વસે છે.
- ઈસ્ત્રાએલીઓ પશુઓના બલિદાનો ચઢાવતા પણ આજે પ્રભુની મેજની પાળતી વખતે આપણી પાસે ખ્રિસ્તનું શરીર છે.



- ઈસ્ત્રાએલીઓ દેવની સ્તુતિ સંગીત અને અર્પણ સાથે કરતા આપણે પણ આજે તેવુ જ કરીએ છીએ.
- ઈસ્ત્રાએલીઓ મૂર્તિઓ અને અશુધ્ધ આત્માઓથી દૂર રહેતા આજે આપણે પણ તેવું જ કરીએ છીએ.

**નાટક**

મંદિરના અર્પણનું નાટક કરો ૨ કાળવૃતાંત-૫.

- સભાના આગેવાન સાથે બાળકો આ નાટક કે તેના ભાગોને રજુ કરવાની ગોઠવણ કરો.
- મોટા બાળકો નાના બાળકોને તૈયારી માં મદદ કરે.
- નાના બાળકો યાજકો(૪) અને લેવીઓના પાત્રો ભજવે.
- મોટા બાળકો અથવા કોઈ સભાજન સુલેમાન, છોકરી, મા-બાપ, દેવનો અવાજ અને વર્ણનકરનારના પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક :** ૨ કાળવૃતાંતની વાર્તા સંક્ષિપ્તમાં કહે, પછી કહે સાંભળો છોકરી તેનાં પિતાને શું પુછે છે.

**છોકરી :** તેના માતાપિતાનો હાથ પકડી ચાલે છે. પછી કહે આપણે બે દિવસથી ચાલીએ છીએ. આપણે ક્યાં જઈએ છીએ.

**મા-બાપ :** સુલેમાન રાજાએ યરૂશાલેમમાં જે મંદિર બાંધ્યું છે. તેના અર્પણવિધિમાં બધાં ઈસ્ત્રાએલીઓને આમંત્રણ આપ્યું છે.

**છોકરી :** ''જુઓ ! પેલા યાજકો મોટુ ખોખુ ઉંચકીને જાય છે. એ સોનાથી મઢેલું છે.''

**યાજકો :** પોતાના ખભા ઉપર કરારકોશના દાંડા ઉંચક્યા હોય તેવો દેખાવ કરે. બે આગળ ચાલે તેમનાથી થોડા દૂર ચાર ફૂટ પાછળ ચાલે. પછી કરારકોશ નીચે મુકતા હોય તેવો દેખાવ કરે.



**મા-બાપ :** આ તો કરારકોશ છે. તેને નવા મંદિરમાં પરમપવિત્ર સ્થાનમાં મુકશે. તે આપણને સર્વસમર્થ ઈશ્વરની હાજરીની યાદ અપાવે છે. (માથુ નમાવે છે.)

**છોકરી :** તેઓ ક્યારે તેને ખોલશે. કદી નહિ ! એક માણસ તેને અડક્યો અને દેવે તેને મારી નાખ્યો.

**લેવીઓ :** આગળ ચાલો તેઓ જાણે ઝાંઝ, અને રણશીંગડા વગાડતા હોય તેવો દેખાવ કરે.

**છોકરી :** જુઓ ! સંગીતકારો પાસે ઝાંઝ,વીણાઓ અને રણશીંગડા છે.

**લેવીઓ :** જોરથી એક સાથે બોલો યહોવાહની સ્તુતિ કરો. કેમકે તેની કૃપા સદાકાળ છે.

**છોકરી :** જુઓ દેવનું ઘર વાદળાથી ભરાઈ ગયું છે. યાજકોએ બહાર નીકળી જવું પડશે.

**લેવી :** ઉપર અને ચારેય બાજુ જૂએ છે. પોતાના હાથ ઉંચા કરીને જાણે કાંઈ દેખાતું ના હોય તેમ બહાર નીકળી જાય છે.

**મા-બાપ :** દેવના ગૌરવે દેવના ઘરને ભરી દીધું છે. જુઓ! સુલેમાન રાજા પ્રાર્થના કરે છે.

**સુલેમાન :** પોતાના બે હાથો આકાશમાં લાંબા કરે છે. અને જોરથી બોલે છે. ઓ પ્રભુ ઈસ્ત્રાએલના દેવ મેં તારા માટે આ ભવ્ય મંદિર તારા નિવાસસ્થાનને માટે બાંધ્યું છે. પરંતુ શુ તું ખરેખર માણસો સાથે પૃથ્વી ઉપર વસવાટ કરીશ?

આકાશોના આકાશમાં તારો સમાવેશ થઈ શકતો નથી, તો આજે મંદિર મેં બાંધ્યુ છે તે કેટલું નાનું છે.

**ઉદ્‌ઘોષક :** આકાશમાંથી દેવનો અવાજ જવાબ આપે છે.

**દેવનો અવાજ :** મેં યરૂશાલેમને મારું નામ ત્યાં રહે તે માટે પસંદ કર્યું છે. હવે જો મારા લોક જેઓ મારા નામથી ઓળખાય છે. તેઓ પ્રાર્થના કરે અને મારૂ મુખ શોધે, અને તેમના ભૂંડા માર્ગોથી ફરે, ત્યારે હું આકાશમાંથી તેમનું સાંભળીશ. તેમના પાપની ક્ષમા કરીશ, અને તેમના દેશને સાજો કરીશ.

જો બાળકો આ નાટક મોટાઓની આગળ રજુ કરે તો પાનાનં-૧ ઉપર આપેલા **પ્રશ્નો** તેઓ પુછી શકે છે.

**ચિત્ર** : બાળકો વીણા,અથવા સંગીતના કોઈ સાધનનું ચિત્ર દોરે. અને સમજાવે કે આપણે દેવની હાજરી સંગીત દ્વારા માણી શકીએ છીએ. બાળકો પોતાના ચિત્રો ભજનસેવા વખતે બતાવે.



**ગીત** યશાયાહ-૬:૧-૪ આ કલમો ત્રણ બાળકો વારાફરતી મોઢે બોલી જાય.

જે વરસે ઉઝિયા રાજા મરણ પામ્યો
તે વરસે મેં પ્રભુ ને ઉચ્ચ અને ઉન્નત રાજ્યાસન પર બેઠેલો જોયો.
તેના ઝભ્ભાની કોરથી મંદિર ભરાઈ ગયું હતું.
તેની ઉપર સરાફો હતા. દરેકને ૬ પાંખો હતી.
તેઓ એકબીજાને કહેતા હતા.
પવિત્ર, પવિત્ર,પવિત્ર છે. સર્વશક્તિમાન ઈશ્વર;
આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે.
તેઓના અવાજથી મંદિરની બારસાખો અને ઉમરા હાલ્યા,
અને મંદિર ધુમાડાથી ભરાઈ ગયું.

**નાના બાળકો** ગીતશાસ્ત્ર ૮૭-૩ મોઢે કરે અને **મોટાઓ** હેબ્રી૧:૧,૨ મુખપાઠ કરે.

**પ્રાર્થના** : હે પ્રભુ, તમે તમારી હાજરી સુલેમાન રાજા અને ઈસ્ત્રાએલ લોકો ની આગળ પ્રગટ કરી માટે આભાર માનીએ છીએ હવે ખ્રિસ્તને કારણે તમે અમારા માના દરેકની અંદર વસો છો અમે આનંદ કરીએ છીએ, અને સ્તુતિ કરીએ છીએ.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net